Chapter-5

## પ્રકરણ - પાંચ

## ઉ પ સં હા ર

સમગ્ર ચર્ચાના આધારે આપણે એ તારણ પર આવી શકીએ કે માત્ર નવલકથા જ કથાસાહિત્યનો પર્યાય નથી. આપણે હંમેશા કથા-સાહિત્ય નિમિત્તે નવલકથાની જ ચર્ચા કરતાં રહયાં પરિણામે ન તો કથનપરંપરાનો આલેખ તૈયાર થઈ શકયો કે ન કથાસાહિત્યના અન્ય પ્રકારોની વિગતે ચર્ચા માંડી શકાઈ.

કથાસાહિત્યમાં કથનકેન્દ્રની પ્રયુકિતનું માહાત્મ્ય એ આધુનિક યુગની નીપજ છે એવું નથી. પરાપૂર્વથી તેનું મહત્વ સ્વીકારાતું જ આવ્યું છે. પૂર્વ હોય કે પશ્ચિમ, વાર્તા પ્રાચીન હોય કે આધુનિક, શૈલી પરંપરાગત હોય કે પ્રયોગવાદી એમાં કથનકેન્દ્રની મહત્તા સ્વંયસ્પષ્ટ છે. કથનકેન્દ્રનું મહત્વ સ્વીકારો કે ન સ્વીકારો પણ વાર્તા કહેવા માટે સર્જકે કોઈ એક કેન્દ્ર તો શોધવું જ પડવાનું. નહીંતર પછી પર્સી લબક કહે છે તે પ્રમાણે તે બીજું કંઈ હોઈ શકે પણ વાર્તા નહીં. વાર્તા બનવા માટે તો તેણે કથનકેન્દ્ર શોધવું જ પડે.

પશ્ચિમમાં હેન્રી જેમ્સથી શરૂ થયેલી કથનકેન્દ્રની સંજ્ઞા તથા વિભાવનાની ચર્ચા પલટાતી પલટાતી શબ્દભેદે આજે પાછી એના એજ

૨

સ્વરૂપે આવીને ઊભી રહી છે. મૂળ વાત એની એ જ છે, સંજ્ઞાઓ પલટાતી રહી છે. કથનકેન્દ્રના મહત્ત્વને સમજાવવા માટે, તેનો વિરોધ કરવા માટે, નવી સંજ્ઞાઓ પ્રયોજી, તેના સ્થાપન - વિસ્થાપન માટે પશ્ચિમમાં અનેક પુસ્તકો લખાયા અને હજુ લખાતા જ જાય છે. પરંતુ આપણે ત્યાં રચનારીતિગત અતિ મહત્ત્વની આ પ્રયુક્તિની સપાટી પર રહીને જ વાત થઈ છે. ખપ પૂરતા ઉલ્લેખ સિવાય તેની ચર્ચા કોઈએ નથી કરી. કથાસાહિત્યનાં અન્ય ઘટકો પણ કથનકેન્દ્ર જેટલાંજ મહત્ત્વના છે અને કથનરીતિ કે પ્રસ્તુતીકરણજ કૃતિમાં સર્વેસર્વા નથી, એ બંને વાત સાચી છે. અંતે તો કોઈપણ રચનારીતિ ધ્વારા કૃતિ પોતાની ક્ષમતા તાગવામાં સફળ થઈ છે કે નહીં એ જાણવામાં જ આપણને રસ હોય છે. કારણકે આપણો રસ તો કૃતિને અંતે પ્રાપ્ત થતા રૂપમાં જ રહેલો છે. અને તો પછી, આ રૂપનિર્માણની પ્રક્રિયા જેના પર અવલંબિત છે તે કથનરીતિ, રચનારીતિ અને ઘટકોની સંવાદિતાને આપણે કઈ રીતે અવગણી શકીશું ? આ સંવાદિતાનો ઘણો મોટો આધાર કથનકેન્દ્ર પર છે, એ હકીકતની ઉપેક્ષા કરવાનું પરવડે એમ નથી. કથનકેન્દ્રનું રચનારીતિગત મહત્ત્વ એટલા માટે વધારે છે કે તેની પસંદગી સાથે અન્ય ઘટકો સીધા જ સંકળાયેલાં છે. એટલે કથનકેન્દ્રની પસંદગીમાં થાપ ખાતો સર્જક સમગ્રપણે એક નિષ્ફળ વાર્તા આપે છે. કારણ કે જૈવિક એકતા પ્રાપ્ત કરવા માટે દરેક ઘટકની સંવાદિતા મહત્ત્વની છે. અને કથનકેન્દ્ર આ સંવાદિતાનો પાયો છે.

3

આ બધા તારણ વચ્ચે એક વાત એ પણ સ્વીકારવી પડે કે આપણે જેને વિવેચનનો ગંભીર પ્રશ્ન ગણતા હોઈએ, સૌથી અગત્યની પ્રયુક્તિ માનતા હોઈએ તે પ્રશ્ન સાર્વત્રિક ન પણ હોય. અમેરિકન વિવેચકોએ કથનકેન્દ્રના પ્રશ્નને આટલું બધું મહત્વ આપ્યું પણ ફ્રાન્સના વિવેચકોએ હંમેશા આ પ્રશ્નને અવગણ્યો છે. આપણી જેમ જ ત્યાં કથનકેન્દ્રની પ્રયુક્તિ વિશે માંડીને ચર્ચા નથી થઈ. ફ્રાન્સમાં જેને સિનેમાના એસ્થેટિક સાથે લેવા દેવા હોય તે લોકો આ પ્રયુક્તિનું માહાત્મ્ય કરે છે. એટલે માત્ર કથાસાહિત્યમાંજ નહીં, અન્ય કળાઓમાં પણ આ પ્રયુક્તિનું માહાત્મ્ય છે.

પશ્ચિમમાં કથનકેન્દ્રની જે વ્યાપક અને સઘન ચર્ચા થઈ એવું કમનસીબે આપણે ત્યાં નથી થઈ શકયું. કથનકેન્દ્ર અને અન્યઘટકોની સંવાદિતા પરત્વે આપણા સારા કહેવાતા વાર્તાકારો પણ સજાગ નથી. આપણું વિવેચન તો આ બાબતે સર્જનથી પણ પાછળ રહયું. એક પ્રશ્ન થાય કે આપણને કેમ આવી મુશ્કેલી નડી ? આપણે ત્યાં કથનકેન્દ્ર ની વાત કરવાની પણ થોડી અઘરી પડે છે. કારણકે સુદીર્ઘ કથનપરંપરા હોવાં છતાં આપણે ત્યાં 'ધ નેચર ઓફ નેરેટિવ' જેવું પુસ્તક નથી. 'અન્ડરસ્ટેન્ડિંગ ફિકશન' જેવું ટીકાટિપ્પણ સાથેનું સંપાદન નથી. કથનકળાશાસ્ત્રમાં કામ કરવા માગતા કોઈપણ અભ્યાસી માટે ભારતીય

૪

કથન પરંપરાનો દીર્ઘ અને સમીક્ષાત્મક આલેખ અતિ મહત્વનો છે. આપણી પાસે સુદીર્ઘ કથનપરંપરા છે અને તેનો અભ્યાસ કરી શકે એવા ખમતીધર વિદ્વાનો પણ છે. જો અત્યારે આવો આલેખ તૈયાર નહીં થાય તો ભવિષ્યમાં આવું કામ કોઈ કરે એ બાબતે ઝાઝી આશા રાખી શકાય એમ નથી.

કથનરીતિની ચર્ચા કરતાં બધાંજ અંગ્રેજી પુસ્તકો કથનકેન્દ્રના પ્રકારોની ઝીણવટભરી ચર્ચા કરવા બેસે ત્યારે તેઓ અમેરિકન,આઈરિશ, જર્મન, રશિયન, અંગ્રેજી વાર્તાઓના ઉદાહરણ લઈને વાત કરે છે. આપણને આપણી ભાષામાં કથનપ્રયુકિતનાં વિવિધ ઉદાહરણ મળતાં નથી.ભારતીય ટૂંકીવાર્તાની જે છબિ આપણી સામે ઉપસ્થિત થવી જોઈએ તે હજુ પણ થઈ નથી. પરિણામે પ્રાંતિય ભાષાઓમાં ટૂંકીવાર્તાના ક્ષેત્રે શું બની રહયું છે, કેવા પ્રયોગો થઈ રહયાં છે તેની આપણને જાણ થતી નથી. આપણી આ મર્યાદાનું એક અનિષ્ટ પરિણામ એ આવે છે કે ઘણાં બધાં વિષયવસ્તુઓ આલેખી શકાય એમ છે એની પણ આપણને જાણ થતી નથી. પરિણામે ટૂંકીવાર્તાની છબિ જેટલી પ્રભાવક બનવી જોઈએ તેટલી બનતી નથી.

ગુજરાતી વાર્તામાં મલયાનિલથી માંડીને ૧૯૯૨ સુધી જે નવા અવાજો આવ્યાં તેમાં કથનકેન્દ્ર પ્રત્યેની સભાનતા ધીરે ધીરે વિકસી છે ખરી પરંતુ આપણે ત્યાં કથનકેન્દ્રને લગતા પ્રયોગો વ્યાપક પ્રમાણમાં નથી

૫

થયા. અમુક વસ્તુ, અમુક પાત્રો હજુ આપણા વાર્તાકાર માટે અસ્પૃશ્ય જ રહ્યાં છે. જેવી રીતે પશ્ચિમમાં આધુનિક-અનુઆધુનિક વાર્તાકારો પરંપરાગત ઢાંચાઓનો ઉપયોગ નવેસરથી કરી રહ્યાં છે તેવું આપણે ત્યાં પણ થઈ શકે. ટૂંકી વાર્તા રૂપક, રૂપકગ્રંથિ, દૃષ્ટાંતકથા, બોધકથા, વ્રતકથા જેવા પરંપરાગત પ્રકારોથી માંડીને વિજ્ઞાનકથા સુધીના પ્રકારોનો પણ ઉપયોગ કરી શકે છે. સુરેશ જોષીની 'લોહનગર' કે ભૂપેશ અધ્વર્યુની 'હનુમાન લવકુશમિલન' વાર્તા આના ઉદાહરણ છે. આ ઉપરાંત બીજા અનેક પ્રયોગ માત્ર રચનારીતિની દૃષ્ટિએજ નહીં પણ વિષયવસ્તુની દૃષ્ટિએ પણ સંભવી શકે છે. આવા પ્રયોગો થતા રહે તોજ ટૂંકીવાર્તાના વિવિધ નમુનાઓ મળતા રહે અને તોજ વિવેચનને નવેસરથી વિચારવાની ફરજ પડે. બાકી ટૂંકી વાર્તાના નમુનાઓજ ન મળેતો વિવેચન આપોઆપ પાંગળુ બનવાનુંજ.

XXXXXXXXXXXXXXXXX
XXXXXXXXXXXX
XXXXX
X